

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી : મીનાક્ષી રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-29 ■ અંક-13 ■ તા. 13-04-2025 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# વક્ફ કાયદા મુદ્દે બંગાળમાં ભયંકર હિંસા, ટોળાંએ પિતા-પુત્રની હત્યા કરી, ૧૧૮ની ધરપકડ, કલમ ૧૬૩ લાગુ, ઈન્ટરનેટ બંધ



વક્ફના કાયદામાં સુધારા બાદથી જ પશ્ચિમ બંગાળમાં ઠેર ઠેર હિંસા થઈ રહી છે. મુર્શિદાબાદમાં આજે સતત બીજા દિવસે ભયંકર હિંસા થઈ. પોલીસ તંત્ર હિંસા રોકવામાં તદ્દન નિષ્ફળ નિવડ્યું છે ત્યારે આજે ટોળાં દ્વારા પિતા-પુત્રની હત્યા કરવામાં આવી છે. મીડિયા અહેવાલ ઘટના શમશેરગંજની પાસે જાફરાબાદ વિસ્તારની છે જ્યાં ભીડે બપોરના સમયે એક ગામ પર હુમલો કર્યો અને પિતા-પુત્રને મોતને ઘાટ ઉતાર્યા. હિંસા બાદ મુર્શિદાબાદમાં કલમ ૧૬૩ લાગુ કરવામાં આવી છે, તથા ઈન્ટરનેટ પણ બંધ કરવાના આદેશ અપાયા છે. બીજી તરફ ભારતીય જનતા પાર્ટીના નેતા સુવેંદુ અધિકારીએ રાજ્યમાં કેન્દ્રીય દળોને તહેનાત કરવાની માંગ કરી છે.

સ્થાનિક અહેવાલો અનુસાર ટોળાંએ લૂંટપાટના ઈરાદે હુમલો કર્યો હતો. પિતા અને પુત્રએ ટોળાંનો પ્રતિકાર કરતાં તેમને ઢોર માર મારવામાં આવ્યો. મૃતકોના નામ હરગોવિંદ દાસ તથા ચંદન દાસ છે. ગઈકાલે વિરોધ પ્રદર્શનમાં સામેલ યુવકને પોલીસની ગોળી વાગી હતી. ત્યારબાદ સારવાર દરમિયાન આજે તે યુવકનું મોત થયું છે.

નોંધનીય છે કે ગઈકાલે જુમ્માની નમાઝ બાદ પણ બંગાળમાં હિંસા થઈ હતી. જેમાં ટોળાં દ્વારા અનેક જગ્યાએ આગચંપી કરવામાં આવી હતી. ઘણી જગ્યાઓ પર ટોળાં અને પોલીસ વચ્ચે પણ અથડામણ થઈ હતી. અનેક દુકાનો તથા વાહનોમાં પણ ભારે નુકસાન કરવામાં આવ્યું હતું. ટોળાંએ પોલીસના વાહનો તથા આઉટપોસ્ટને પણ આગને હવાલે કરી હતી. ગઈકાલે થયેલી હિંસામાં પોલીસે અત્યાર સુધીમાં ૧૧૮ લોકોની ધરપકડ કરી છે. પોલીસે લોકોને સોશિયલ મીડિયામાં ફેલાવવામાં આવી રહેલી અફવાઓ પર ધ્યાન ન આપવાની અપીલ કરી છે. પરિસ્થિતિને જોતાં મુર્શિદાબાદમાં સ્પેશિયલ ફોર્સને તહેનાત કરવામાં આવી છે.

બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ હિંસા કરી રહેલા લોકોને વાયદો આપ્યો છે કે રાજયમાં આ કાયદો લાગુ નહીં થાય. મમતા બેનરજીએ કહ્યું છે કે, 'જે કાયદાના કારણે તમે નારાજ છો તે અમે નથી બનાવ્યો, કેન્દ્ર સરકાર બનાવ્યો છે. તેથી કેન્દ્ર સરકાર પાસે જવાબ માંગો. અમે કહ્યું છે કે રાજયમાં આ કાયદો લાગુ જ નહીં થાય તો હિંસા કેમ થઈ રહી છે? દરેક વ્યક્તિનો જીવ કિંમતી છે. ધર્મના નામે કોઈ પણ ખોટું કામ ન કરશો.' મમતા બેનરજીનો આરોપ છે કે રાજ્યની વિપક્ષી પાર્ટીઓ હિંસા ભડકાવી રહી છે.


# ચીનનો ટ્રમ્પને તેમની જ ભાષામાં જવાબ, અમેરિકા પર ટેરિફ વધારી ૧૨૫ ટકા કરવાની જાહેરાત

અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડવૉર ચરમસીમાએ પહોંચી ગયું છે. અમેરિકા ચીન પર એક પછી એક ટેરિફ ઝીંકી રહ્યું છે, ત્યારે વળતો જવાબ આપતાં ચીન પણ અમેરિકા પર ટેરિફ લાદી રહ્યું છે. ટ્રમ્પે ચીન પર ૧૪૫ ટકા ટેરિફ લાદ્યાના ૨૪ કલાકમાં ચીને અમેરિકન પ્રોડક્ટસ પર ટેરિફ વધારીને ૧૨૫ ટકા કર્યો છે.આ નવો ટેરિફ શનિવારથી અમલમાં મુકાશે. ટ્રમ્પે અગાઉ નવ એપ્રિલના રોજ ચીનના સામા જવાબના કારણે ૧૪૫ ટકા ટેરિફ જ્યારે અન્ય ૭૦થી વધુ દેશોને ટેરિફમાં ૯૦ દિવસની રાહત આપવાનો નિર્ણય જાહેર કર્યો હતો. ટ્રમ્પના આ નિર્ણયથી ચીને ભયભીત થવાના બદલે વળતો પ્રહાર કરવાનું નક્કી કર્યું છે. ઉલ્લેખનીય છે, ટ્રમ્પના ચીન પ્રત્યેના આકરા વલણ વચ્ચે અહેવાલો આવ્યા હતાં કે, વિશ્વની બે મહાસત્તા ટ્રેડવૉર મુદ્દે વાટાઘાટો કરવા તૈયાર છે. એવામાં ચીનનું આ પગલું ટ્રેડવૉરની આગને ઓલવવાના બદલે વધુ હવા આપી શકે છે.

બેઈજિંગના સ્ટેટ કાઉન્સિલ ટેરિફ કમિશને જણાવ્યું હતું કે, અમેરિકા દ્વારા ચીન પર અયોગ્ય ઊંચા ટેરિફ લાદવાની કવાયત આંતરરાષ્ટ્રીય વેપાર નિયમોનું ગંભીરપણે ઉલ્લંઘન કરે છે. જે સામાન્ય આર્થિક કાયદા પર પણ હુમલો કરે છે. ટેરિફના કારણે આયાતકારો માટે હવે અમેરિકાની પ્રોડક્ટ્સ લોકપ્રિય રહી નથી.ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે એકપક્ષીય ગુંડાગીરીને પ્રતિકાર આપવાં યુરોપિયન યુનિયનને બેઈજિંગ સાથે હાથ મિલાવવા અપીલ કરી હતી. આ અપીલના થોડા કલાકો બાદ તેમણે અમેરિકા પર ટેરિફ વધારી ૧૨૫ ટકા કર્યો હોવાની જાહેરાત કરી હતી. જિનપિંગે કહ્યું કે, ચીન અને યુરોપ આંતરરાષ્ટ્રીય જવાબદારીઓ નિભાવવા માટે સજ્જ છે અને સંયુક્તપણે એકપક્ષીય ગુંડાગીરીને આકરો પડકાર આપી શકે છે. આ જોડાણ આપણા અધિકારો અને હિતોની સુરક્ષા જ નહીં પણ આંતરરાષ્ટ્રીય પારદર્શિતા અને કાયદાની રક્ષા માટે છે.

# ચારધામ યાત્રા માટે વિદેશીઓમાં ઉત્સાહ, અમેરિકામાંથી ૩૦૦૦થી વધુ શ્રદ્ધાળુઓએ કરાવ્યું રજિસ્ટ્રેશન

હિન્દુઓ માટે અત્યંત મહત્ત્વની ગણાતી ચારધામ યાત્રા માટે રજિસ્ટ્રેશન શરૂ થઈ ચૂક્યા છે. જેના માટે ભારત જ નહીં પણ વિદેશોના શ્રદ્ધાળુઓમાં પણ ઉત્સાહ જોવા મળ્યો છે. ચારધામ યાત્રા માટે અમેરિકામાંથી સૌથી વધુ ૩૨૦૦ શ્રદ્ધાળુઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. બીજા નંબર પર નેપાળના આશરે ૧૮૦૦ શ્રદ્ધાળુઓ જ્યારે ત્રીજા ક્રમે મલેશિયામાંથી ૧૪૦૦ શ્રદ્ધાળુઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. ગતવર્ષે ૪૯૫૫૬ વિદેશી શ્રદ્ધાળુઓએ ચારધામના દર્શન કર્યા હતાં.



ઉત્તરાખંડમાં ૩૦ એપ્રિલથી શરૂ થનારી ચારધામ યાત્રા માટે રજિસ્ટ્રેશન ૨૦ માર્ચથી શરૂ થઈ ચૂક્યા છે. ઉત્તરાખંડ પર્યટન વિકાસ પરિષદે ચારધામ યાત્રા-૨૦૨૫માં શ્રદ્ધાળુઓની સુવિધા અને સુરક્ષા માટે ૨૦ માર્ચથી ઓનલાઈન આધાર તથા પાસપોર્ટ આધારિત રજિસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ કરી હતી. જેથી મર્યાદિત સંખ્યા સાથે શ્રદ્ધાળુઓ સુવિધાજનક દર્શનનો લ્હાવો લઈ શકે.

# ભાવનગરના વાતાવરણમાં અચાનક પલટો, ભર ઉનાળે ચોમાસાની માફક વરસાદ ખાબક્યો



ગુજરાતના અનેક જિલ્લામાં આગ ઝરતી ગરમીના કારણે એપ્રિલ મહિનામાં જ લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. રાજ્યમાં સરેરાશ તાપમાનનો પારો વધતા ૪૩ ડિગ્રીને પાર થઈ ગયો છે ત્યારે ગુરૂવારથી વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો છે. અચાનક વાતારણમાં ઠંડક પ્રસરી છે ત્યારે આજે (શુક્રવારે) ભાવનગરમાં વાતાવરણમાં પલટો જોવા મળતાં ચોમાસાની માફક વરસાદ ખાબક્યો હતો. ભર ઉનાળે કમોસમી વરસાદના લીધે ખેડૂતોમાં ભારે ચિંતા પ્રસરી જવા પામી છે. ભાવનગર શહેરમાં આજે (શુક્રવારે) આગ ઝરતી ગરમી વચ્ચે બપોર અચાનક વાતાવરણમાં પલટો આવતાં અચાનક વરસાદી માહોલ જામ્યો હતો. ભર ઉનાળે ચોમાસાની માફક વાદળો છવાયા હતા અને ગાજવીજ સાથે વરસાદ છાંટા પડયા હતા. કમોસમી વરસાદના લીધે ખેડૂતો ચિંતામાં મુકાયા છે. કારણ કે હાલ ધરતીપુત્રોનો ખેતરમાં ઉભેલા પાકને નુકસાન થવાની ભીતી છે. તો બીજી તરફ વાતાવરણમાં ઠંડક પ્રસરી જતાં શહેરીજનોને ગરમીમાં રાહતનો અનુભવ થયો છે.

# દિલ્હીમાં પ્રોપર્ટી ડીલરની કરપીણ હત્યાથી ચકચાર

દિલ્હીમાં પ્રોપર્ટી ડીલરની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે,જેમાં૧૦ રાઉન્ડ ફાયરિંગ કરીને હત્યા કરી દેવામાં આવી છે,દિલ્હીના પશ્ચિમ વિહારમાં આજે સવારે એક પ્રોપર્ટી પર હુમલો થયો ત્યારે તેઓ તેમની કારમાં જીમ જઈ રહ્યા હતા. પોલીસને ઘટના સ્થળેથી અનેક ફૂટેલી ગોળીઓ મળી આવી છે જેમાં પરિવારનું કહેવું છે કે તેમના દીકરાને કોઈ સાથે દુશ્મની નહોતી. પોલીસ હત્યા પાછળના કારણોની તપાસ કરી રહી છે.દિલ્હીના પશ્ચિમ વિહારમાં કારમાં મુસાફરી કરી રહેલા એક યુવાનની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.મૃતક યુવક ફોર્ચ્યુનર કારમાં મુસાફરી કરી રહ્યો હતો.આ ઘટનાથી વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. માહિતી મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ. પોલીસને ઘટના સ્થળેથી એક ડઝન ખાલી ગોળીઓના ખોખા મળી આવ્યા છે. તપાસમાં જાણવા મળ્યું છે કે હુમલાખોરોએ સામેથી ઘણી ગોળીઓ ચલાવી હતી.ગોળી વાગતાં યુવાન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. તેના પરિવારજનો તેને હોસ્પિટલ લઈ ગયા, પરંતુ ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યા હતા.પ્રોપર્ટીના વ્યવસાય સાથે સંકળાયેલ રાજકુમાર પર હુમલો થયો તે સમયે તે પોતાની કારમાં બેઠો હતો. બદમાશો આવ્યા અને તેમના પર અંધાધૂંધ ગોળીબાર શરૂ કરી દીધો. પોલીસ હાલમાં હત્યા પાછળના કારણોની તપાસ કરી રહી છે.

# સોનામાં વણથંભી તેજી, છેલ્લા ત્રણ દિવસમાં ભાવ રૂ.૫૧૦૦ વધી ઐતિહાસિક ટોચે, ચાંદીમાં ઉછાળો

ટ્રેડવૉર અને ટેરિફવૉરના કારણે સર્જાયેલા વાદળો વચ્ચે સોના-ચાંદીમાં ફરી પાછી તેજી આવી છે. વૈશ્વિક સ્તરે સોનાના ભાવ રેકોર્ડ ૩૨૦૦ ડોલર પ્રતિ ઔંસની ઓલટાઈમ હાઈ સપાટીએ પહોંચતાં સ્થાનિક બજારોમાં પણ ભાવ રેકોર્ડ ટોચે પહોંચ્યા છે. એમસીએક્સ સોનાએ પણ નવી સર્વોચ્ચ ટોચ નોંધાવી હતી. વૈશ્વિક બજારમાં સ્પોટ ગોલ્ડ ૩૨૫૫.૯૦ ડોલર પ્રતિ ઔંસની રેકોર્ડ ટોચે પહોંચ્યું હતું. આ સપ્તાહે ગોલ્ડમાં ૫ ટકાથી વધુ ઉછાળો નોંધાયો છે.

અમદાવાદમાં સોનાનો ભાવ આજે રૂ. ૨૩૦૦ના ઉછાળા સાથે ઐતિહાસિક ટોચે ૯૬૩૦૦ પ્રતિ ૧૦ ગ્રામ પહોંચ્યો હતો. ચાંદી પણ રૂ. ૧૦૦૦ વધી રૂ. ૯૪૦૦૦ પ્રતિ કિગ્રાના સ્તરે ક્વોટ થઈ હતી. છેલ્લા ત્રણ દિવસમાં સોનું રૂ. ૫૧૦૦ પ્રતિ ૧૦ ગ્રામ વધ્યું છે. સોનું આઠ એપ્રિલના રોજ રૂ. ૩૦૦ના ઘટાડા સાથે રૂ. ૯૧૨૦૦ પ્રતિ ૧૦ ગ્રામ થયું હતું. જે આજે રેકોર્ડ રૂ. ૯૬૩૦૦ પ્રતિ ૧૦ ગ્રામની ઐતિહાસિક સપાટીએ પહોંચ્યું છે.ગોલ્ડ પણ તેજી સાથે ખૂલ્યા બાદ રૂ. ૯૩૭૩૬ પ્રતિ ૧૦ ગ્રામના લાઈફટાઈમ હાઈ લેવલે પહોંચ્યું હતું. એમસીએક્સ ગોલ્ડ ૫ જૂન વાયદો સાંજે ૫.૨૦ વાગ્યે રૂ. ૧૨૯૦ના ઉછાળા સાથે રૂ. ૯૩૩૨૩ પ્રતિ ૧૦ ગ્રામ પર ટ્રેડ થઈ રહ્યો હતો. એમસીએક્સ ચાંદી પણ (૫ મે, વાયદો) રૂ. ૧૧૯૦ ઉછળી રૂ. ૯૨૭૮૫ પ્રતિ કિગ્રા પર ટ્રેડેડ હતી.

# પાસપોર્ટમાં જીવનસાથીનું નામ ઉમેરવું થયું સરળ, સરકારે નિયમ બદલી મોટી અડચણ દૂર કરી

પાસપોર્ટમાં ફેરફાર કરવો હંમેશા એક જટિલ પ્રક્રિયા રહી છે. અગાઉ, લોકોને અરજીમાં તેમના જીવનસાથીનું નામ ઉમેરવા માટે લાંબી પ્રક્રિયામાંથી પસાર થવું પડતું હતું અને રજીસ્ટ્રેશન પણ કરાવવું પડતું હતું. જેના કારણે લોકોને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડતો હતો, પરંતુ હવે સરકારે આ નિયમોમાં ફેરફાર કર્યા છે. જેથી તમે હવે મેરેજ સર્ટિફિકેટ વગર પણ પાસપોર્ટમાં તમારા જીવનસાથીનું નામ ઉમેરી શકશો.

પહેલાં પાસપોર્ટમાં જીવનસાથીનું નામ ઉમેરવા માટે એક લાંબી પ્રક્રિયામાંથી પસાર થવું પડતું હતું. તેમજ આ માટે મેરેજ સર્ટિફિકેટ પણ રજૂ કરવું ફરજીયાત હતું. પરંતુ હવે નિયમ બદલાતા તમે મેરેજ સર્ટિફિકેટ વગર જ તમારા પાસપોર્ટમાં તમારા જીવનસાથીનું નામ ઉમેરી શકશો. આ માટે તમારે ફક્ત તમારા બંનેનો ફોટો શેર કરવાનો રહેશે અને તેના પર બંનેની સહી કરવાની રહેશે. આ રીતે, સ્વ-પ્રમાણિત લગ્નના ફોટોગ્રાફને એક દસ્તાવેજ તરીકે ગણવામાં આવશે અને તેના આધારે, જીવનસાથીનું નામ પાસપોર્ટમાં ઉમેરવામાં આવશે.

# રાજકોટ અને પાટણ કલેક્ટર કચેરીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી, બોમ્બ સ્કવોડની મદદથી તપાસ

રાજયમાં છેલ્લા ઘણાં સમયથી એરપોર્ટ, સ્કૂલ અને યુનિવર્સિટીઓમાં ઈમેલ દ્વારા ધમકીઓ મળી રહી છે. ત્યારે પાટણ અને રાજકોટમાં કલેક્ટર કચેરીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે. બન્ને કલેક્ટર કચેરીઓના ઈમેલ દ્વારા બોમ્બ બ્લાસ્ટની ધમકી આપવામાં આવી છે. સરકારી ઓફિસને બોમ્બની ધમકી મળતા જ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ ઘટનાસ્થળે દોડી આવી છે અને તપાસ હાથ ધરી છે.મળતી માહિતી અનુસાર, પાટણ કલેક્ટરના મેઈલ આઈડી




પર બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. પાટણ કલેક્ટર ઓફિસમાં ૩ વાગ્યે બોમ્બની ધમકી મળી હતી. જેને લઈને ૨૦૦થી વધુ કર્મચારીઓને કલેક્ટર ઓફિસમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. આ ધમકીને પગલે પોલીસનો કાફલો અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

તંત્રી લેખ........

## મ્યુચ્યુઅલ ફંડના રોકાણકારો માટે લોનનો આ વિકલ્પ સસ્તો સાબિત થઈ શકે, પર્સનલ કરતાં નીચો વ્યાજદર

રિટેલ રોકાણકારોમાં આજકાલ મ્યુચ્યુઅલ ફંડની અવેજમાં લોન લેવાનું ચલણ વધ્યું છે. તેઓ હવે લાંબા સમય સુધી રોકાણ જાળવી રાખવાનું મહત્વ સમજી રહ્યા છે. તેમજ પર્સનલ લોનની તુલનાએ મ્યુચ્યુઅલ ફંડ રોકાણ પર મળતી લોનના વ્યાજદર નીચા હોવાથી આ વિકલ્પ અપનાવી રહ્યા છે. ટૂંકાગાળાની તાત્કાલિક જરૂરિયાતો પૂરી કરવા માટે રોકાણકારો પોતાના મ્યુચ્યુઅલ ફંડ રોકાણ પર લોનનો વિકલ્પ ચકાસી શકે છે. શેરબજારમાં મંદીનો માહોલ સર્જાયો છે. એવામાં હવે જાગૃત રોકાણકારો મ્યુચ્યુઅલ ફંડમાંથી પોતાનું રોકાણ પાછું ખેંચી લેવાના બદલે કમાણીનો અને ટૂંકાગાળાની જરૂરિયાતો પૂરી કરવાનો નવો વિકલ્પ અપનાવી રહ્યા છે. ઘણા રોકાણકારો મ્યુચ્યુઅલ ફંડના બદલામાં લોન લઈ રહ્યા છે. જેનાથી તેઓ નીચા વ્યાજદર ઉપરાંત રોકાણ જાળવી રાખવાનો ફાયદો મેળવી રહ્યા છે. મ્યુચ્યુઅલ ફંડ રોકાણને ગિરો મૂકી લેવામાં આવતી લોનના વ્યાજદર સરેરાશ ૮થી ૧૫ ટકા હોય છે. પરંતુ મોટાભાગની મ્યુચ્યુઅલ ફંડ કંપનીઓ ૧૦થી ૧૧ ટકાના દરે લોન આપી રહી છે. બીજી તરફ પર્સનલ લોનના વ્યાજદર જોખમની ક્ષમતાના આધારે ૧૩થી ૨૦ ટકા સુધી હોય છે. વધુમાં પર્સનલ લોન પ્રક્રિયામાં ડોક્યુમેન્ટેશનની જરૂર પડે છે. પ્રક્રિયા પણ ઘણીવાર જટિલ બને છે. જ્યારે મ્યુચ્યુઅલ ફંડ કંપનીઓ રોકાણકારને તેમના રોકાણના આધાર પર સરળતાથી લોન પ્રદાન કરે છે. ટૂંકાગાળાની જરૂરિયાતને ધ્યાનમાં લેતાં રોકાણકારો મ્યુચ્યુઅલ ફંડ પર લોન લઈ રહ્યા છે.

# સનાતન ધર્મને અખંડ રાખવા માટે ગુરુ બ્રાહ્મણ સમાજનું અદકેરું યોગદાન છેઃ ડો કિરિટભાઈ સોલંકી

ગુજરાત સરકારે અનુસૂચિત જાતિ સમાજના અતિ પછાત એવી ગુરુ બ્રાહ્મણ સમાજના શૈક્ષણિક અને સામાજિક વિકાસ માટે પાટનગર ગાંધીનગર માં સમાજ ભવન માટે ૧૯ વર્ષ પહેલાં નિવૃત્ત ઈન્કમટેક્ષ અધિકારીશ્રી બી.કે.શ્રીમાળી (આઈ.આર.એસ.) અને નિવૃત ડી.આઇ.જી શ્રી એ.કે.પંડ્યા (આઈ. પી.એસ.) દ્વારા પ્રિમીયમ ફી રૂ.૭ લાખ ૩૮ હજાર જમા કરાવી હતી જેનાં ફળસ્વરૂપે સરકારશ્રીએ તાજેતરમાં ગુરુ બ્રાહ્મણ સમાજના શૈક્ષણિક અને સામાજિક વિકાસ માટે પાટનગર ગાંધીનગર માં સમાજ ભવન માટે જમીન ફાળવવાની મંજૂરી આપી છે આ પ્રસંગે અનુસૂચિત જાતિ સમાજના તમામ વર્ગના જાહેર બિનરાજકીય સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા આ મહાનુભાવોનો જાહેર અભિવાદન કાર્યક્રમના ભાગરૂપે



×સાકર તુલા× અભિવાદન ડૉ.બાબાસાહેબ આંબેડકર હોલ પાટણ ખાતે અમદાવાદ પશ્ચિમ લોકસભાના પૂર્વ સાંસદ ડૉ.કિરીટભાઈ સોલંકીના અધ્યક્ષસ્થાને આજરોજ રાખવામાં આવેલ હતો.

ઉડાન સંસ્થા,નવી દિલ્હીના રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી અને પુર્વ ડીરેક્ટર, ડો.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ, ગુજરાત સરકાર, ગાંધીનગરના ડિરેક્ટર અરૂણકુમાર સાધુ એ ઉપસ્થિત મહેમાનોને આવકારી સ્વાગત પ્રવચન કર્યું હતું. ડૉ. બાબાસાહેબ આંબેડકરના તૈલચિત્રને પુષ્પાંજલી અર્પણ દીપ પ્રગટાવી કાર્યક્રમ ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

આ પ્રસંગે બી. કે.શ્રીમાળી અને એ.કે.પંડ્યા એ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે રાજ્ય સરકારે જમીન ફાળવી છે પરંતુ આ જમીન ઉપર સમાજ ભવનનું ભવ્ય નિર્માણ થાય તે માટે સમાજના લોકો ભામાશા બની યોગદાન આપે તે માટે અપીલ કરી હતી તેઓની સાકર તુલા કરી ભવ્ય સન્માન અભિવાદન સમારોહ યોજવા બદલ ગુરુ બ્રાહ્મણ સમાજ સહિત સમગ્ર પાટણ જિલ્લાના દલિત આદિવાસી સમાજનાઆગેવાનો, કાર્યકરો, સંગઠનોના પદાધિકારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. ડોક્ટર આંબેડકર વિકાસ નિગમના પૂર્વ ચેરમેન પ્રવીણભાઈ પંડ્યા એ પણ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું

કાર્યક્રમના અધ્યક્ષસ્થાને વીર મેઘમાયા વિશ્વ મેમોરિયલ ફાઉન્ડેશન એન્ડ રિસર્ચ સેન્ટર પાટણ સંસ્થાના ચેરમેન અને પૂર્વ સાંસદ, પૂર્વ પેનલ સ્પીકર લોકસભા ડૉ.કિરીટભાઈ સોલંકી એ ગુજરાતના પનોતા પુત્ર અને દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને રાજ્ય સરકાર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું વિર મેઘમાયા માટે સૌથી મોટુ કામ કર્યું હોય તો તે દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી એ કર્યું છે પંદરમી ઓગસ્ટ ૨૦૦૩ ના દિવસે ધ્વજ વંદન ની ઉજવણી જિલ્લા કક્ષાએ કરવાની શરૂઆત તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કરી હતી જેની શરૂઆત પાટણ થી કરી હતી ત્યારે તેઓએ વિર મેઘમાયા મંદિરે દર્શન માટે આવ્યા હતા ત્યારે તેઓએ રૂપિયા એક કરોડ પંચ્યાસી લાખનું અનુદાન વિર મેઘમાયા મંદિર અને સ્મારકના વિકાસ માટે ફાળવ્યા હતા. ત્યારબાદ ગુજરાત સરકારે સાત કરોડ ને પાંત્રીસ લાખનું માતબર અનુદાનની ફાળવણી કરી હતી ગુજરાતના તે સમયના પાટનગર પાટણના પ્રતાપી રાજવી સિદ્ધરાજ જયસિંહે પાણી માટે એક હજાર આઠ શિવ મંદિરો સાથે સહસ્ત્રલિંગ સરોવર પાટણ ખાતે બંધાવ્યું હતું ત્યારે પાણીના આવતા સહસ્ત્રલિંગ સરોવર માં રનોડાના વણકર સમાજના બત્રીસ લક્ષણા પુરુષ વિર મેઘમાયા એ બલિદાન આપ્યું હતું તેઓના કાર્યકાળ દરમિયાન સંસદમાં શૂન્ય કાળમાં સામાજિક સમરસતાના પ્રથમ બલિદાની મહાપુરુષ શ્રી વીર મેઘમાયાના નામ થી ટપાલ ટીકીટ બહાર પાડવા રજૂઆત કરાતાં ભારત સરકારના સંચાર મંત્રાલય દ્વારા ગુજરાતના બલિદાની સંત 'વીર મેઘમાયા' પર એક સ્મારક ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવેલ છે. કેન્દ્ર અને રાજ્ય સરકારે અનુસુચિત જાતિના વિવિધ ધર્મ સ્થાનકોનો વિકાસ કર્યો છે અને અનુસુચિત જાતિના વિવિધ સમાજના ભવન માટે ગાંધીનગર ખાતે જમીન ફાળવવા બદલ રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.આ પ્રસંગે પાટણ વાડા ગુરુ બ્રાહ્મણ સમાજના વિવિધ ગોળ પરગણા મંડળોના આગેવાનો, કાર્યકરો, ગુજરાત વણકર સમાજના પ્રમુખ તરુણભાઈ સોલંકી, રવિધામ ગુજરાત અને રવિદાસીયા ધર્મ સંગઠન ના પ્રમુખ વિનોદભાઈ સોલંકી, વીર મેઘ માયા મંદિર ટ્રસ્ટના પ્રમુખ મુકેશભાઈ સોલંકી, નવ સર્જન ટ્રસ્ટના પ્રમુખ નરેન્દ્રભાઈ પરમાર, સંકલ્પ સંસ્થાના પ્રમુખ રાજેન્દ્રભાઈ હિરવાણીયા, ઉન્નતિ ફાઉન્ડેશનના પ્રમુખ પરેશભાઈ મકવાણા, પાટણ જિલ્લા ગુરુ રવિદાસ વિશ્વ મહાપીઠ પ્રમુખ નીતિન ચૌહાણ, સદભાવ યુવા વિકાસ ટ્રસ્ટના પ્રમુખ આનંદ ચૌહાણ, એકલવ્ય જનસેવા ટ્રસ્ટના પ્રમુખ સુનિલભાઈ ભીલ, પાટણ શહેર વાલ્મિકી ટ્રસ્ટ પ્રમુખ કિશોરભાઈ, રાજુભાઈ, પનાહ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ મૌલિક મેતીયા, ગણપતિ યુવક મંડળ દુઃખવાડાના પ્રમુખ મેહુલ સોલંકી, ડૉ.આંબેડકર યુવા સંગઠન, મોટીસરાના પ્રમુખ ચેતનભાઇ સાલવી, રાધનપુર શહેર દલિત સમાજના પ્રમુખ બંકિમચંદ્ર મકવાણા, વઢિયાર પંથક દલિત સમાજના પ્રમુખ ભીખાભાઇ પરમાર, પાટણ જિલ્લા તુરી બારોટ સમાજના યુવા આગેવાનો મયુરભાઈ ચૌહાણ, કરશનભાઈ બારોટ સહિત વિવિધ દલિત આદિવાસી સંસ્થાઓના પ્રમુખ મંત્રી અને સામાજિક અને રાજકીય આગેવાનો સહિત વિવિધ જિલ્લા માંથી ગુરુ બ્રાહ્મણ સમાજના સામાજિક આગેવાનો, કાર્યકરો ભાઈઓ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી મહાનુભાવોનું સન્માન કર્યું હતું.

## વડોદરામાં આગની ઘટનાઓ વચ્ચે ફાયર બ્રિગેડ દ્વારા ૩૦૦થી વધુ હાયરાઇઝ બિલ્ડીંગમાં ચેકિંગ : ૫૦થી વધુને નોટિસ

ઉનાળાની ઋતુમાં ઈલેક્ટ્રીક લોડના કારણે આગની ઘટનાઓમાં વધારો થતો જોવા મળી રહ્યો છે. ત્યારે આજે ફાયર બ્રિગેડમાં મળેલી બેઠકમાં આગના બનાવો અંગે એક્શન પ્લાન બનાવવા અંગેની ચર્ચા કરવામાં આવી હતી. જે અંગે ચીફ ફાયર ઓફિસરે જણાવ્યું હતું કે, આગની બનતી ઘટનાઓના મામલે ૩૦૦થી વધુ હાયરાઈઝ બિલ્ડિંગમાં ચેકિંગ કર્યું છે અને ૫૦થી વધુ મિલકતધારકોને નોટિસ બજાવવામાં આવી છે.

ઉનાળાની ઋતુ શરૂ થતા એસી સહિતના વીજળીના ઉપકરણોના વધતા ઉપયોગના પગલે ઈલેક્ટ્રિકનો વપરાશ વધી ગયો છે. જેથી ઘણીવાર ઈલેક્ટ્રિક લોડના કારણે



છાશવારે આગ લાગવાની ઘટનાઓ બનતી રહે છે. શહેરમાં છેલ્લા કેટલાક દિવસોમાં ડીપી તથા અન્ય જગ્યાએ આગ લાગવાના સંખ્યાબંધ બનાવ બન્યા છે. આજે ફાયર બ્રિગેડમાં આગની ઘટના અંગે એક બેઠક મળી હતી. જેમાં આગામી દિવસોમાં આ અંગે શું પગલાં લઈ શકાય? તે અંગે ઉચ્ચ અધિકારીઓ વચ્ચે તેમાં ચર્ચા થઈ હતી. ચીફ ફાયર ઓફિસરે જણાવ્યું હતું કે, વડોદરામાં જે હાઈરાઈઝ બિલ્ડિંગમાં છે તેમાં ૩૦૦થી વધુ બિલ્ડીંગો ખાતે ફાયર બ્રિગેડ દ્વારા ચેકિંગ કરવામાં આવ્યું છે અને જરૂરી તકેદારી ન લેવાય હોય તેવી ૫૦થી વધુ બિલ્ડીંગોને નોટિસ બચાવવામાં આવી છે. નોટિસ એસએસજી હોસ્પિટલના રેસીડન્ટ બિલ્ડીંગ, સરદાર સરોવરની મિલકત સહિતના મિલકતનો સમાવેશ થાય છે. સયાજી હોસ્પિટલના રેસીડેન્સ બિલ્ડિંગમાં ફાયર એનઓસી એક્સપાયર થઈ ગઈ હોવાથી નોટિસ બજાવવામાં આવી છે. ત્યારે એસએસજીના સત્તાધીશો દ્વારા આ અંગે એનઓસીની જરૂરી પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરી દેવામાં આવશે તેમ ફાયર બ્રિગેડને આશ્વાસન આપવામાં આવ્યું છે. આ તબક્કે ઓફિસરે એમ પણ જણાવ્યું કે, શહેરમાં જે પ્લાસ્ટિકના ગોડાઉન આવેલા છે ત્યાં પણ જરૂર જણાશે ત્યારે ચેકિંગ હાથ ધરવામાં આવશે.

## જૂનાગઢમાં ૪ સ્થળોએ ફ્રી મેડિકલ કેમ્પ યોજાશે

-જુનાગઢ વિશ્વ હિન્દુ પરિષદ મહાનગર સેવા વિભાગ, સેવા વિભાગ ગુજરાત તથા નેશનલ મેડિકોઝ ઓર્ગેનાઈઝેશનના સહયોગથી ભારત રત્ન ડૉ. ભીમરાવ આંબેડકર જન્મજયંતિ નિમિતે ૧૩ એપ્રિલ ૨૦૨૫, રવિવારના રોજ સવારના ૯:૦૦ થી બપોરે ૧૨:૦૦ સુધી જૂનાગઢમાં મોટા પાયે ૪ વિવિધ સ્થળોએ નિઃશુલ્ક મેડિકલ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું છે.આ કેમ્પોનું આયોજન વિશ્વ હિન્દુ પરિષદ જૂનાગઢ મહાનગરના મંત્રી જયેશ ખેસવાણી, સહમંત્રી વિપુલભાઈ રાવત, દેવલભાઈ ગોંધીયા, અને કૌશલભાઈ પંચાસરા દ્વારા તેમજ સેવા વિભાગના સેવા પ્રમુખ પરાગભાઈ તન્ના, સહ સેવા પ્રમુખ જોગીભાઈ કોટેચા અને અંકિતભાઈ જીલ્કાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે.

## યોગી ઉમા- 'શબ્દ સ્યાહી'- : પીળો રંગ

'હા, આમ જ આકાશમાં આતશબાજીની રમઝટ હતી. કૈરવની જેમ ક્રિશે પણ પીળો જ કુર્તો પહેર્યો હતો...' - ના ચાહતા હોવા છતાં અવની ભૂતકાળની યાદોને મમળાવી રહી. એની કમજોરી કહો તો કમજોરી પરંતુ એ ભૂલી શકતી ન હતી. અવની જેટલી એ કડવી યાદોથી દૂર ભાગવાની કોશિશ કરતી એટલી જ એની નજીક આવતી જતી. વળી એના લીધે કાયમનો એને માથાનો દુઃખાવો અને ચક્કર આવવાનું શરૂ થઈ જતું. અને એવું થવું પણ સ્વાભાવિક છે. કૈરવ પ્રત્યે મમતા જ એટલી હતી.




આજે પણ એ યાદોને નજર સામે નિહાળીને એની આંખો સામે અંધકાર વ્યાપી ગયો. ચક્કર આવી ગયા. એણે દિવાલનો ટેકો લીધો ન હોત તો એ હાથમાંથી છૂટી જતા કપ માફક ઢળી પડી હોત.

આજથી સાત વર્ષ પહેલાં આમ જ દિવાળીના દિવસે ક્રિશ એની નજર સામે આગનો શિકાર બની ગયો હતો. અવની અને ધીરજનું પ્રથમ સંતાન. ક્રિશ ઉપર બંનેને એટલો જ પ્રેમ હતો. નજર સામેથી દૂર કરતા નહીં. દૂધ માંગે તો ખીર આપતા. જમીન ઉપર પગ તો મુકવા જ ના દે.

દિવાળીનો સમય હતો. પીળા કુર્તામાં ક્રિશ જાણે દીપક માફક શોભી રહ્યો હતો. એના વાંકડિયા વાળ અને હોઠ ઉપરનું મોહક સ્મિત હર કોઈને એની તરફ ખેંચી લાવતું. આંગણાંમાં બધા મહેમાનો સાથે દિવાળીની મજા માણી રહ્યા હતા. આખી સોસાયટી જાણે ઉમટી હોય એવો માહોલ હતો. બધા ખુશ હતા પરંતુ અવનીની ખુશીને કોઈને નજર લાગી ગઈ.

વાત આગળ વધે અને અવનીની તબિયત વધુ બગડે એ પહેલા ધીરજની નજર અવની ઉપર પડી. ધીરજ અવનીની હાલત સમજી ગયો.

"લે પાણી પી લે." - ધીરજે અવનીને પાણીનો ગ્લાસ આપતા કહ્યું અને અવનીનો હાથ પકડીને એણે બાજુમાં પડેલી ખુરશી ઉપર બેસાડી.

"તને ખબર છે ધીરજ... આજનો જ દિવસ હતો. આપણાં ક્રિશે પણ પીળા રંગનો જ કુર્તો પહેર્યો હતો. લગભગ આ જ સમયે એ...." - વિશુદ્ધ નજર ચારે દિશામાં ફેરવતી બેચેની સ્પષ્ટ જાહેર કરતા અવનીએ કહ્યું.

"અવની, ક્યાં સુધી...? ક્યાં સુધી તું એ દર્દનાક ભૂતકાળને વાગોળ્યા કરીશ. જે થઈ ગયું એ થઈ ગયું. તને જેટલું દુઃખ છે એટલું જ મને છે. પણ તું જો હું ભૂતકાળને ભૂલીને વર્તમાનને જીવું છું. કૈરવ છે આપણી પાસે." - ધીરજે અવનીને સમજાવતા કહ્યું.

"પણ હું નથી ભૂલી શકતી. ક્રિશ મારાથી નથી છૂટતો."

"તું જાણે છે? જાણ્યે અજાણ્યે ક્રિશના લીધે તું કૈરવ સાથે ક્યારેક અન્યાય કરતી હોય છે."

"હું એવું કરવા નથી માંગતી પણ એ આગની છાયા મારા નજરમાંથી નથી હટતી. ક્રિશની એ દર્દનાક ચીસો મારા કાનમાં પડઘાયા કરે છે."

એ દિવસે બધા બહાર આંગણામાં રમી રહ્યા હતા. સાંજે નાસ્તો બનાવીને ખબર નહીં કેવી રીતે અવનીથી ગેસનો નૉબ ચાલુ રહી ગયો અથવા બીજી કોઈ દુર્ઘટના ઘટી. કદાચ બની શકે કે ક્રિશનું નિમિત્ત હતું. ક્રિશ રસોડામાં પાણીની બોટલ લેવા ગયો અને એ જ સમયે સળગતું રોકેટ દિશા ચુકીને બારીમાંથી સીધું રસોડામાં પડ્યું. એ સાથે જ આખું કિચન સળગી ગયું અને સાથે ક્રિશ પણ.

ક્રિશની એ દર્દનાક ચીસો અને કિચનમાં લાગેલી આગ અવની સાત વર્ષ થયાં છતાં ભૂલી નથી. જ્યારે પણ પીળો રંગ જુએ ત્યારે એને ક્રિશની યાદ આવતી અને એ બધું ભૂલીને ક્રિશમાં ખોવાઈ જતી. જ્યારે પણ એ આગ જોતી ત્યારે એની નજર સામે એ આખી ઘટના જીવંત થતી.

એ આગમાં એણે એનો કાળજાનો ટુકડો ગુમાવ્યો હતો. એની આંખનું એક રતન ગુમાવ્યું હતું. એનો વસવસો એને સાત વર્ષ થયાં હોવા છતાં ચેનથી જીવવા દેતો ન હતો. ક્યારેક તો શૂન્યમનસ્ક ભાવે એ કલાકો સુધી ક્રિશના ફોટા સામે બેસી રહેતી. કૈરવ સ્કૂલેથી આવ્યો, ના આવ્યો, ખાધું ના ખાધું કંઈ જ ભાન રહેતું નહિ. ક્રિશ પ્રત્યેની મમતા એને કૈરવ સાથે માયા બાંધવા દેતી ન હતી.

"હું સમજુ છું. પરંતુ તારી યાદોથી નુકસાન કોને થાય છે? ક્રિશની જેમ કૈરવ પણ આપણો જ દીકરો છે ને. એને તારી મમતા જોઈએ એવી નથી મળતી અને તું પણ ચેનથી જીવી નથી શકતી." ધીરજે કહ્યું.

"કદાચ મારી જ ભૂલ હશે જેના લીધે કિચનમાં આગ લાગી હતી." - અવનીએ અફસોસ વ્યક્ત કરતા કહ્યું.

"જે થઈ ગયું એ થઈ ગયું. તારા અફસોસ કરવાથી કઈ ક્રિશ પાછો નથી આવી જવાનો. પરંતુ અત્યારે કૈરવને ચોક્કસ દુઃખ થશે."

"તો હું શું કરું તમે જ કહો."

"કરવાનું શું હોય? આમ એકાંતમાં બળવા કરતા તારી મમતા કૈરવ સાથે વહેંચ. મન હળવું થશે. તને પણ ગમશે. કડવી યાદોને દૂર કરવાનો એક પ્રયત્ન તો કર. બધું ક્યારેય કાયમ માટે નથી હોતું. સમય સમયનું કામ કરે છે. સમય જતા હૃદય ઉપરના ઘા પણ રૂઝાઈ જાય છે. તું કોશિશ તો કરી જો."

પીળો રંગ ત્યાં દીવાલ ઉપર લગાવી આંખોમાં આગની છાયાને આંસુથી બુઝાવીને અવની ભીતર છુપાયેલી મમતાને આંગળીના ટેરવે રાખી કૈરવ તરફ આગળ વધી.

યોગી ઉમા 'શબ્દ સ્યાહી'

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું